બાળકો અને
નવયુવાનો માટે

# હાદી
માસિક

શવ્વાલ, હી.સ.૧૪૩૩,
સપ્ટેમ્બર - ૨૦૧૨

અંક
૪૭




રૂ.
30/-

# કુરઆનની જાણકારી

## જહન્નમ(નરક)માં જવાના કારણો

એ કારણો અને કાર્યો કે જેને લીધે મનુષ્યને જહન્નમમાં ધકેલી દેવામાં આવે છે તેને કુરઆને મજીદમાં અનેક સ્થળોએ જુદા જુદા સુરાઓમાં વર્ણવવામાં આવેલ છે. આવો, આજે આપણે તે કારણો અને કાર્યોની જાણકારી મેળવીએ જેથી કરીને આપણે એવા કાર્યોથી દૂર રહીએ.

| અ.નં. | કારણ/કાર્યો | સૂરો અને આયત |
|---|---|---|
| ૧. | નાસ્તિકતા અને વેરભાવના (નિફાક) | સૂરએ નિસાઅ-૧૪-૧૪૫<br>સૂરએ તૌબાહ-૪૯ |
| ૨. | સત્યના માર્ગમાં અડચણરૂપ બનવું-અવરોધ ઉભા કરવા. | સૂરએ નિસાઅ-૫૫ |
| ૩. | ખુદાનું આજ્ઞાપાલન તજી દેવું તે. | સૂરએ નિસાઅ-૧૧૫<br>સૂરએ જિન-૨૩ |
| ૪. | અલ્લાહની આયતો (નિશાનીઓ)ની ઠેકડી ઉડાડવી તે. | સૂરએ કહફ-૧૦૬ |
| ૫. | સત્ય પ્રાપ્તિ અને હિદાયત (માર્ગદર્શન) મેળવવા માટે બુધ્ધિ આંખ-કાનને કામે ન લગાડવા તે. | સુરએ અઅરાફ-૧૭૯ |
| ૬. | શયતાનના અનુયાયી બની જવું તે. | સૂરએ અઅરાફ-૧૮ |
| ૭. | અનિતી-ઉધ્ધતા અને અહમ તેમજ અત્યાચાર. | સૂરએ અઅરાફ-૩૬ |
| ૮. | અત્યાચાર-જોર-જુલ્મ. | સૂરએ કહફ-૨૯<br>સૂરએ જિન-૧૫ |
| ૯. | અત્યાચારીઓ પ્રત્યે અનુરાગ કેળવવો તે. | સૂરએ હૂદ-૧૧૩ |



E-mail : hadimasik@yahoo.com

| | | |
|---|---|---|
| ૧૦. | આખેરતને ભૂલી જવું. | સૂરએ જાસિયા - ૩૪ |
| ૧૧. | દુન્યાનો પ્રેમ રાખવો તે. | સૂરએ બની ઈસ્રાઈલ-૧૮ |
| ૧૨. | અધિકાર ન હોય તે રીતે (પાપવાળા માર્ગોથી) ધનદોલત એકત્ર કરવી તે. | સૂરએ તૌબા - ૩૪-૩૫ |
| ૧૩. | નિર્દોષોને કત્લ કરવા. | સૂરએ માએદાહ-૩૨<br>સુરએ નિસાઅ-૯૩ |
| ૧૪. | નમાઝનો ત્યાગ. | સૂરએ મુદ્દસ્સર ૩૯થી ૪૪ |
| ૧૫. | ઝકાત ન આપવી તે. | સૂરએ તૌબા-૫૩<br>સૂરએ ફસલત-૭ |
| ૧૬. | અનાથોનો માલ (ધનદોલત) પચાવી પાડવું તે. | સૂરએ નિસાઅ-૨ |
| ૧૭. | વ્યાજ ખાવું તે. | સૂરએ બકરાહ-૨૭૫<br>સૂરએ આલે ઈમરાન ૧૩૦-૧૩૧ |
| ૧૮. | અલ્લાહની કૃપા (નેઅમતો)ને નકારવી તે. | સૂરએ ઈબ્રાહીમ-૨૮-૨૯ |
| ૧૯. | તોલમાપમાં ઓછું આપવું. | સૂરએ મુત્ફેફીન-૧ થી ૭ |
| ૨૦. | બીજાની બુરાઈઓ જોવી અને ચાડી ચુગલી કરવી. | સૂરએ હોમઝહ-૧ થી ૪ |
| ૨૧. | ધનદોલતનો બગાડ (અપવ્યય) અને કંજુસાઈ. | સૂરએ મોઅમિન-૪૩<br>સૂરએ બની ઈસ્રાઈલ-૨૭ |
| ૨૨. | અલ્લાહે નક્કી કરી આપેલ મર્યાદા ઓળંગવી તે. | સૂરએ નિસાઅ-૧૪ |

## શવ્વાલ, હીજરી સન ૧૪૩૩,
## સપ્ટેમ્બર - ૨૦૧૨

### બઈસ્મેહી સુબ્હાનહૂ તઆલા

વહાલા બાળકો !                                   અસ્સલામો અલયકુમ !

શવ્વાલ માસનો અંક આપના હાથમાં છે. દર વખતની જેમ ઘણી જાણકારીઓ આ અંકમાં પણ અમે પીરસવાનો પ્રયત્ન કર્યો છે.

રમઝાન માસ પૂરો થયો અને આ રમઝાન માસથી આપણે શું લાભ લીધો તેનું આત્મમંથન આપણે કરવું જોઈએ.

આ મહિનો ખાસ આપણા માટે ઘણી બધી નેઅમતો લઈને આવ્યો હતો. આપણે એ બાબતના લેખાજોખા લેવા જોઈએ કે આપણે કઈ–કઈ નેઅમતોથી લાભાંવિત થયાં છીએ, ક્યાંક એવું તો નથી બન્યું ને કે આપણે આ નેઅમતોનો લાભ લેવામાં આળસ કરી હોય, ઉણાં ઉતર્યા હોઈએ !!

મારા વહાલા બાળકો ! જો કદાચ આવી આળસ થઈ પણ ગઈ હોય તો આજ થી જ એ બાબતનો દ્રઢ નિશ્ચય કરી લઈએ કે આવતા વરસે આવી આળસ નહીં કરીએ.

આ વાત પણ યાદ રાખવી જોઈએ કે આપણે આ માસમાં અને ખાસ કરીને ઈદના પ્રસંગે લોકો પર દયા કરી છે – ગરીબોની મદદ કરી છે–અને આપણાં જેવા જ, પરંતુ મુસીબતમાં હોય તેવા બાળકોને મદદ કરીને તેમને પણ ખુશી–ખુશી ઈદ મનાવવાની તક આપી છે, તો આ જુસ્સો આખાયે વરસ કાયમ રાખવો જોઈએ – જેથી કરીને દરેક વ્યક્તિ ખાસ કરીને ગરીબો – મુસીબતના માર્યાઓ પણ સુખ–ચેન થી જીવન વિતાવી શકે.

શવ્વાલનો મહીનો આપણા માટે એક અતિશય મોટો શોકનો પ્રસંગ પણ પોતાની સાથે લઈને આવ્યો છે અને તે એ છે કે આ માસની ૮મી તારીખે અહલેબૈત અ.સ.ના શત્રુઓએ બકીઅના મઝારોને તોડી પાડીને પોતાની આલે રસૂલ સ.અ.વ. પ્રત્યેની દુશ્મનાવટની સાબીતી પુરી પાડી હતી. આ દિવસે આપણે શોક મનાવવો જોઈએ અને શક્ય એટલા બધા માર્ગે પોતાના વિરોધનું પ્રદર્શન કરવું જોઈએ અને હઝરતે હુજ્જત અજ્. ના ઝહૂરમાં જલ્દી થાય તેની દુઆ કરવી જોઈએ જેથી કરીને આપ અજ. ઝહુર ફરમાવીને આ મઝારોને પુનઃ સ્થાપિત કરે અને શત્રુઓને તેમના પાપોની સજા કરે. આમીન

દુઆની અરજ સાથે                                   વસ્સલામ...


**વાર્ષિક લવાજમ**
**રૂા. ૩૦૦/-**

بسم الله الرحمن الرحيم

**ઝેરે સરપરસ્તી હઝરતે હુજ્જત**
અરવાહોના ફિદાહ, અજ્જલલ્લાહો તઆલા ફરજહુશ્શરીફ
**મર્હુમ જનાબ મૌલાના આબીદ હુસૈન રીઝવી**
સાહેબની યાદમાં
ધર્મ પ્રચારક–પ્રખર વિદ્વાન–કૌમના સંનિષ્ઠ સેવક :
**આલી જનાબ મુખ્તારઅબ્બાસ વસાયા**
મુદ્દઝિલ્લહૂની નિગરાનીમાં

મુખ્ય તંત્રી :
**સૈયદ મોહમ્મદ રઝા ગરવી**
કાર્યવાહક તંત્રી :
**સૈયદ મોહમ્મદ અખ્તર**
સહાયકો :
**અહમદ રઝા ઝુરારહ**
**તાલીમરઝા અજમેરી**
**એહસાનઅલી રીઝવી**
અનુવાદક :
**સૈયદ મોહમ્મદ ફાઝિલ બુખારી**
આઈ.એ.એસ. (નિવૃત્ત)
શુશોભન :
(Skype Graphics) સાજીદ પંજ
9898013082
E-mail : sajidpanj@yahoo.in



**વિગતો માટે સંપર્ક :**
યુરોપ, અમેરીકા અને કેનેડા માટે :
**અલ્હાજ મુખ્તાર અબ્બાસ સાહબ વસાયા**
Mukhtar Abbas Vasaya
91, Longthrnton Road, LONDON, SW 16 5QF
Tel. : 0044 - 2082866198 Mo.: 00447828958746
E-mail : movasaya@hotmail.com

ભારત, પાકીસ્તાન, આફ્રીકા, રિયુનીયન માટે :
**હૌઝએ ઈલમીયહ ઈમામ ખુમૈની (રહ.)**
ગોલ્ડન પાર્ક, વટવા, અમદાવાદ. ગુજરાત. ભારત - ૩૮૨૪૪૦
ફોન : ૦૭૯-૨૫૮૯૨૭૮૬, ૯૪૨૬૬૭૮૬૧૪, ૯૪૨૬૬૭૮૬૧૨, ૯૭૨૪૭૩૭૮૬૫
E-mail : hadimasik@yahoo.com
Website : www.hadikids.org

# જુઠ (ખોટું - અસત્ય) બોલવું તે

ખુદાવન્દે આલમે પોતાની કિતાબ "કુરઆને મજીદ"માં ઈર્શાદ ફરમાવ્યું છે કે "જે લોકો (બીજાઓ ઉપર) ખોટા આળ મૂકે છે તે મોમિન નથી (ઈમાનવાળા નથી) અને ખુદાવન્દે આલમ તેમના મનમાં તે દિવસ સુધી વેરભાવ ઉત્પન્ન કરી દે છે જે દિવસે તેઓ પોતે તેનાથી (ખુદાવન્દે આલમ સાથે) મુલાકાત કરશે - કારણ કે તેમણે ખુદા સાથે વાયદો કર્યો હતો તેનાથી વિરૂદ્ધ વર્તન કર્યું અને તેઓ ખોટું બોલતા - જુઠાણાં ચલાવતા હતા."

રસૂલે ખુદા સ.અ.વ.થી રિવાયત છે કે "સૌથી મોટી કૃતઘ્નતા (ખિયાનત) એ છે કે તમે પોતાના એવા કોઈ ભાઈ વિશે હમેંશા ખોટી-જુઠી વાતો કરો - કે જે તમારા વિશે હંમેશા સાચું જ બોલતો હોય."

આપ સ.અ.વ.થી રિવાયત છે કે "જુઠું બોલવું તે રોઝી (આજીવિકા)ને ઓછી કરી નાંખે છે."

હઝરત અલી અ.સ.થી રિવાયત છે કે "કોઈ બન્દો જુઠ બોલવું તજી ન દે ત્યાં સુધી ઈમાનનો સ્વાદ પણ ચાખી શકતો નથી - પછી ભલે તે મજાકમાં જુઠું બોલતો હોય"

ઈમામ ઝૈનુલ આબેદીન અ.સ.થી રિવાયત છે કે "જુઠથી બચીને રહો ચાહે તે નાનકડું જુઠાણું હોય કે મોટું જુઠ હોય - મજાકમાં હોય કે મજાકમાં ન હોય. કેમકે જે વ્યક્તિ પહેલાં નાના-નાના જુઠાણાં બોલશે તો તે પછી મોટા જુઠાણાં બોલતાં પણ અચકાશે નહીં"

ઈમામ હસન અસ્કરી અ.સ.થી રિવાયત છે કે "(જગતની)બધી બુરાઈઓને એક મકાનમાં પુરી દેવામાં આવી છે અને તે ઘરના બારણાની ચાવી જુઠ છે" (એટલે કે જુઠ થી તમામ બુરાઈઓ શરૂ થાય છે)






# નબી સ.અ.વ.ની શિખામણો

(બોધ વચનો)

**હે અલી અ.સ. !**

**જે વ્યક્તિએ આ ચાર કાર્યો પૈકી કોઈ એક કાર્ય પણ કર્યું હશે તો ખુદાવન્દે આલમ તે વ્યક્તિ માટે જન્નતમાં મકાન બાંધી આપશે.**

**(૧) જેણે કોઈ અનાથને રક્ષણ પુરૂ પાડ્યું હોય.**

**(૨) જેણે કોઈ અશક્ત પર (કમજોર પ્રત્યે) દયા દાખવી હોય.**

**(૩) જેણે (હંમેશા) મા-બાપ સાથે મહેરબાનીપુર્વકનો વર્તાવ કર્યો હોય.**

**(૪) જેણે (હંમેશા) પોતાના ગુલામ(નોકર-ચાકર) પ્રત્યે નરમ વલણ રાખ્યું હોય.**



E-mail : hadimasik@yahoo.com

હે અલી અ.સ. !

જે વ્યક્તિમાં આ સાત ગુણો હોય તે વ્યક્તિ ઉપર ઈમાનની હકીકત સંપૂર્ણપણે જાહેર થઈ ગયેલ છે. (તે સંપૂર્ણ ઈમાન ધરાવે છે) અને જન્નતના દરવાજા તેના માટે ખુલ્લા છે (તે જન્નતમાં જશે)



(૧) જે વ્યક્તિ (હંમેશા) સંપૂર્ણ વઝૂ કરતો હોય.

(૨) જે (હંમેશા) નમાઝને સારી રીતે અદા કરતો હોય.

(૩) જે (હંમેશા) પોતાના માલ (ધન-દોલત)ની ઝકાત આપતો હોય.




(૪) જે (હંમેશા) પોતાના ક્રોધને કાબુમાં રાખતો હોય.

(૫) જે (હંમેશા) પોતાની જીભ પર કાબૂ ધરાવતો હોય.

(૬) જે પોતાના ગુનાહોની (સાચા હૃદયપૂર્વક) તૌબા કરતો હોય.

(૭) જે અહલેબૈત અ.સ. પ્રત્યે પૂરી આસ્થા અને માન સહિતનો પ્રેમભાવ (અકીદત) ધરાવતો હોય.



# જન્નતુલ બકીઅ



બકીઅનું કબ્રસ્તાન એક ઐતિહાસિક અને પ્રાચીન કબ્રસ્તાન છે અને આ કબ્રસ્તાનના ફઝાઈલો રિવાયતોમાં બયાન થયાં છે. આ કબ્રસ્તાનમાં માઅસૂમીન અ.સ.ના મઝારો છે, તે સિવાય પણ આ કબ્રસ્તાનની પોતાની ફઝીલતો છે.

ઈસ્લામમાં અને મુસલમાનોની દ્દષ્ટિએ આ કબ્રસ્તાનનું ઘણું જ મહત્વ છે અને એનું સ્થાન ખુબ જ ઉચ્ચ છે. પયગમ્બરે ઈસ્લામ સ.અ.વ. પોતે આ કબ્રસ્તાનમાં તશરીફ લઈ જતા હતા અને તેમાં દફન થયેલાઓ માટે દુઆ કરતા હતા અને ફરમાવતા હતા કે આ કબ્રસ્તાનમાં દફન થયેલા માટે દુઆ કરતા રહેવાની મને ફરજ સોંપવામાં આવી છે.

એક રિવાયતમાં છે કે રસૂલે ગિરામી સ.અ.વ.એ ફરમાવ્યું છે કે મેહશરના દિવસે પરવરદિગાર આ કબ્રસ્તાનમાંથી ૭૦ હજાર લોકોને સજીવન કરશે અને (તે વખતે) તેમના ચેહરા ચાંદની જેમ ચમકતાં હશે.

ઈસ્લામના મહાન પયગમ્બર સ.અ.વ.એ આ કબ્રસ્તાનને ખૂબ જ વધારે મહત્વ આપ્યું હતું તે જોતાં તો લોકોને ત્યાં જતા અટકાવવામાં આવે છે તે ખરેખર તો રસૂલે ખુદા સ.અ.વ. ના આચરણ (સુન્નતે રસુલ સ.અ.વ.)થી વિરૂદ્ધ જ છે.



અને આ કબ્રસ્તાનને એક વિશિષ્ટ સ્થાન એટલા માટે પણ પ્રાપ્ત થયેલ છે અને પયગમ્બરે ઈસ્લામ સ.અ.વ. પણ તેને એટલા માટે જ મહત્વ આપતા હતા કે આ કબ્રસ્તાનમાં માઅસૂમીન અ.સ. દફન થયેલ હતા.



E-mail : hadimasik@yahoo.com

આ કબ્રસ્તાનમાં ચાર માઅસૂમ ઈમામ અ.સ.ની કબરો છે. ઈમામ હસન અ.સ. - ઈમામ ઝયનુલ આબેદીન અ.સ. - ઈમામ મુહમ્મદ બાકિર અ.સ. અને ઈમામ જાઅફરે સાદિક અ.સ. અને એ બાબતની પણ સંપૂર્ણ શક્યતા છે કે સિદ્દીકએ તાહેરા સલા. પણ આ કબ્રસ્તાનમાં જ દફન થયેલા છે અને રસૂલે ઈસ્લામ સ.અ.વ.ની વહાલસોઈ પુત્રીની આ સૌથી વધારે મઝલૂમિયત (દયાપાત્ર સ્થિતિ) છે કે માઅસૂમ અ.સ. સિવાય બીજા કોઈને આપની કબર ક્યાં છે તેની સાચી જાણકારી નથી.

આ માઅસૂમીન અ.સ. ઉપરાંત પયગમ્બરે અકરમ સ.અ.વ.ના વડીલો (બુઝુર્ગો) પણ આ કબ્રસ્તાનમાં દફન થયેલા છે.

આ કબ્રસ્તાનની ઝિયારતની બાબતમાં પણ ઘણી રિવાયતોનું વર્ણન મળે છે જેમાં ઝિયારતના સવાબનો પણ ઉલ્લેખ છે.

ઈમામ હસને અસ્કરી અ.સ. ફરમાવે છે કે "જે વ્યક્તિ ઈમામ સાદિક અ.સ. આપના મહાન પિતા અ.સ. અને (આ કબ્રસ્તાનમાં) જે અઈમ્મા દફન છે તેમની ઝિયારત માટે બકીઅ જશે તેને આંખના રોગો અને અન્ય કોઈપણ બીમારી થશે નહીં અને તેનું મૃત્યુ સહેલાઈથી થશે અને અપમાનિત અને મુસીબતોથી ઘેરાયેલી પરિસ્થિતિમાં તે આ જગતમાંથી જશે નહીં."

અમે ખુદાની બારગાહમાં દુઆ કરીએ છીએ કે તે દરેક વ્યક્તિને એટલી શક્તિ આપે કે તે બકીઅના ઈમામોની ઝિયારત માટે જાય અને આપણને એ દિવસો જોવા મળે કે જેમાં આપણે પોતાની સગી આંખે આ મઝારોને પુનઃસ્થાપિત થયેલા જોઈ શકીએ અને કોઈ રોકટોક વગર સ્વતંત્રતા સાથે ઝિયારત કરી શકીએ.

આમીન.





# ન્યાય અને સમાનતાનો અધિકાર



કુરઆનમાં તદ્દન સ્પષ્ટ રીતે વર્ણવવામાં આવ્યું છે કે અલ્લાહના સર્જનમાં તમામ લોકો સમાન છે. અને ફરમાવે છે "હે લોકો ! અમોએ તમને એક નર (પુરૂષ) અને માદા (સ્ત્રી) થી પેદા કર્યા છે. અને તમને જુદા જુદા સમૂહો અને વંશો (કબીલાઓ)માં વહેંચી દીધા છે જેથી તમે એકબીજાને ઓળખી શકો. (એટલે કે સમુહ, વંશ અને કબીલાને કારણે કોઈ એકબીજાથી મહાન નથી) બેશક અલ્લાહની દ્દષ્ટિમાં તો તમારામાંથી સૌથી મહાન એજ વ્યક્તિ છે જે સૌથી વધારે પરહેઝગાર છે." (સૂરો-હોજોરાત-૪૯ઃ૧૩)

આમ કુરઆને ફેસલો સંભળાવી દીધો કે મનુષ્ય કોઈ બીજા મનુષ્યનો દાસ કે ગુલામ નથી. અને સ્પષ્ટ કરી દીધું છે કે સમગ્ર માનવજાત અલ્લાહનું સર્જન છે અને કુટુંબ કબીલા, વંશ, વર્ણ અને ભાષાના ધોરણે કોઈને કોઈના ઉપર કોઈપણ જાતની મહાનતા પ્રાપ્ત થતી નથી અને આવી રીતે રાજા અને પ્રજા, ધનવાન અને દરિદ્રો તેમજ બળવાન અને અશક્તોની વચ્ચે સમાનતાની ભાવનાનો પાયો નાંખ્યો. અને મહાનતા અને પ્રતિષ્ઠાનું માપદંડ પરહેઝગારી અને સદ્‌ચારિત્ર રાખ્યું. માનવ સમાનતાનો સિધ્ધાંત - ન્યાયની સ્થાપનાની પાયાની શરત છે તે બાબતને કુરઆનમાં અંબિયા અને રસૂલોને મોકલવા માટેના એક મહત્વના લક્ષ્ય તરીકે વર્ણવી છે દા.ત. અલ્લાહનો ઈર્શાદ છે કે "ખરેખર અમોએ અમારા રસૂલોને તદ્દન સ્પષ્ટ દલીલો અને નિશાનીઓ સાથે મોકલ્યા હતા અને તેમની સાથે સાથે અમોએ કિતાબ અને મીઝાન (ત્રાજવુ) ઉતાર્યા કે જેથી લોકો વચ્ચે ન્યાયની સ્થાપના થઈ શકે."

(સૂરએ હદીદ-૫૭, આયત-૨૫)

અને ઈસ્લામે એ સાબિત કરી આપ્યું કે વર્ગ અને વર્ણ વ્યવસ્થામાં શ્રધ્ધા રાખનાર અને ઉચ્ચ-ક્ષુદ્રની વચ્ચે ભેદભાવ રાખનાર સમાજમાં સમાનતાની ભાવના કેવી રીતે પ્રસ્થાપિત કરી શકાય છે અને તેનું જ્વલંત ઉદાહરણ પયગંબરે ઈસ્લામનો "જુમ્અતુલ વિદાઅ"નું ઉદ્‌બોધન (ખુત્બો) છે જેમાં આપે સમાનતાના સિધ્ધાંતને સ્પષ્ટ રીતે બયાન કર્યો છે અને આપ અનુદાનોની વહેંચણીમાં પણ હંમેશા સમાનતાનું ધોરણ રાખતા હતા.

અને ખિલાફતની ગાદી ઉપર બિરાજ્યા પછી ઈમામ અલી અ.સ. પણ નબી સ.અ.વ. ની આ સુન્નત (પ્રણાલી)ને જ અનુસરતા રહ્યા અને લોકોને અનુદાન આપવાની બાબતે પણ અન્ય તમામ બાબતોની જેમ બધાની સાથે હંમેશા એક સરખો વ્યવહાર કરતા હતા અને પોતાને પણ (સામાન્ય) લોકો પૈકી જ એક ગણતા હતા (પોતે પણ કોઈ વિશેષાધિકાર ભોગવતા નહોતા)

આપના ભાઈ અકીલ સાથેનો આપના વ્યવહારનો પ્રસંગ તો ઘણો જ પ્રખ્યાત છે કે જ્યારે આપના સગા ભાઈ અકીલે પોતાના વઝીફા (અનુદાન)માં વધારાની માંગણી કરી તો આપે તેમને પણ રોકડું પરખાવી દીધું કે સબ્ર કરો અને મારો ભાગ આવવા દો (જેથી હું મારા ભાગમાંથી તમને કાંઈ આપી શકું.)




તેમણે આ વાત સ્વીકારી નહીં તો આપ અ.સ. એ તેમને તેમના મળવાપાત્ર ભાગથી રજમાત્ર પણ વધારે આપવાથી સાફ ઈન્કાર કરી દીધો.

આપની વ્યવહાર સમાનતા તો એટલી હદ સુધી હતી કે એક વખત ઈસ્ફહાનથી કાંઈ (કેટલીક વસ્તુઓ-માલ) આવ્યું કે જેમાં એક રોટલી પણ હતી. આપે બયતુલમાલની જેમ તે રોટલીના પણ સાત કટકા કર્યા અને તેનો એક-એક કટકો દરેક ભાગ ઉપર મૂકી દીધો. (ફી રહાબે અઈમ્મએ અહલેબૈત)

# અહલેબૈત અ.સ. અને લોકો સાથેના સંબંધો અને હળવું-મળવું તે



આપણાં માઅસૂમીન અ.સ. ખુદાવન્દે આલમની મહાન આસમાની કિતાબ (કુરઆને મજીદ)ના સાચા અર્થમાં અનુકરણ કરનારાઓ છે અને તેથી જ લોકો સાથે કેવી રીતે હળવું - મળવું - કેવી રીતે સંબંધો રાખવા તે અંગેના આપ અ.સ. તદ્દન સાચા નમૂના હતા.

કુરઆને મજીદ અને માઅસૂમીન અ.સ. એ જે અમલ કરીને નમૂનો પેશ કર્યો છે તેનાથી એવી જાણકારી મળે છે કે બીજાઓ સાથે હળવા મળવામાં :-

★ ચાહે તે મિત્ર હોય કે નાદાન શત્રુ હોય તો પણ દરેક વ્યક્તિ સાથે પ્રેમભાવ સાથે ઉમળકાભેર મળવું જોઈએ.

★ દીનના શત્રુઓ પ્રત્યે અત્યંત સખ્ત વલણ અપનાવવું જોઈએ.

★ ફરી ગયેલા અને ગુનેગાર લોકો પ્રત્યે પણ થોડુંક સખ્ત વલણ રાખવું જોઈએ.

કુરઆને મજીદની વાત કરીએ તો કુરઆને જીવનના તમામ વર્ગો માટે એકબીજા સાથે હળવા મળવા અંગેનો સંપૂર્ણ કાનુન રજુ કર્યો છે.

મિત્રો સાથે મહેરબાની - શાંતિ - ભાઈચારા - નરમ વલણ - પ્રેમભાવ સાથે હળવું મળવું જોઈએ જ્યારે કાફરો સાથે સખ્તાઈપૂર્વક વર્તવું જોઈએ.

અઈમ્મએ માઅસૂમીન એ પણ આ બાબતને ખૂબ જ મહત્વ આપેલ છે અને અમલ કરીને બતાવીને તેના સારા પરિણામોના દૃષ્ટાંતો પણ પૂરા પાડ્યા છે.

ઈમામ અલી અ.સ. ફરમાવે છે કે "પોતાની મિટીંગો મુલાકાતો અને ફેંસલાઓના પ્રસંગોએ સસ્મિત મુખારવિંદ સહિત (હસતા મોઢે) લોકો સાથે મુલાકાત કરો. તુંડમિજાજી અને ક્રોધનો સંપૂર્ણપણે ત્યાગ કરો - કેમકે આ શયતાનનું એક તીર છે." (નહજુલ બલાગાહ - નામાહ-૭૬)



E-mail : hadimasik@yahoo.com

ઈમામ અલી અ.સ.એ. ફરમાવ્યું છે કે "લોકોની સાથે નેકી કરવી તે ઈમાનની મહાનતા છે" (મીઝાનુલ હિકમત - ભા. ૨- પા. ૪૪૩)

ઈમામ સાદિક અ.સ. ફરમાવે છે કે : "ત્રણ ગુણો એવા છે કે જેમાંથી કોઈ એકપણ ગુણ લઈને મનુષ્ય ખુદાવન્દે આલમ પાસે જાય તો તે (ગુણ) તેને જન્નતના બારણાં સુધી લઈ જઈ શકે છે."

(૧) નિર્ધનતાની પરિસ્થિતિમાં પણ દાન કરવું તે.

(૨) બધા લોકો સાથે પ્રસન્ન મોઢે મળવું તે.

(૩) પોતે જ ન્યાય તોળવો તે. (પછી ભલે તે પોતાની વિરૂદ્ધ જ કેમ ન હોય)

એક દ્રષ્ટાંત :- અબૂબસીર કહે છે કે હું કૂફામાં એક સન્નારીને કુરઆન શીખવતો હતો. એક દિવસે મેં તેની સાથે મજાક કરી. તેના એક લાંબા ગાળા પછી હું મદીનામાં ઈમામ મુહમ્મદ બાકિર અ.સ.ની સેવામાં હાજર થયો. ઈમામ અ.સ.એ મને ખૂબ જ ધમકાવ્યો અને ફરમાવ્યું "જે કોઈ વ્યક્તિ એકાંતમાં ગુનાહ કરે છે ત્યારે ખુદાવન્દે આલમ પોતાની રહેમત (દયા)ની દ્રષ્ટિ તેના ઉપરથી હટાવી લે છે. તમે તે દિવસે તે સન્નારી સાથે શું વાત કરી હતી ?"

આ સાંભળીને શરમથી મેં મારૂં માથું ઝુકાવી લીધું અને તૌબા કરી. ઈમામ અ.સ.એ ફરમાવ્યું - "હોંશિયાર રહેજો હવેથી આવા કાર્યો ન થાય તેની કાળજી રાખજો અને પર સ્ત્રી (નામહરમ સ્ત્રી) સાથે તો કદીયે મજાક કરતા જ નહીં." (બિહારૂલ અનવાર ભા. ૪૬, પા. ૨૪૭)

આ પ્રસંગ ઉપરથી એવો બોધ મળે છે કે મનુષ્યએ અન્યો સાથેના સંબંધોમાં પણ શરીઅતની મર્યાદા જાળવવી જોઈએ.





# ઈમામે જાઅફરે સાદિક અ.સ.નો
# જીવન વૃત્તાંત -સંક્ષિપ્તમાં

## નામ : જાઅફર-બિન-મુહમ્મદ-બિન-અલી




અરબી ભાષાના અર્થઘટન પ્રમાણે ''જાઅફર'' એક વિશાળ નહેરને કહેવામાં આવે છે અને કેટલીક રિવાયતો મુજબ જન્નતની એક નહેરનું નામ પણ જાઅફર છે અને એ કારણે જ આપનું નામ ''જાઅફર'' રાખવામાં આવ્યું હતું કે આપની વિદ્વતા - આપના જ્ઞાન અને આપના કૌશલ્યનો આખાયે જગતે લાભ લીધો છે અને આપના જ્ઞાન કૌશલ્ય રૂપી ઝરણાંથી દરેક જ્ઞાન પિપાસુએ પોતાની તરસ છિપાવી છે અને આજે પણ પોતાની તરસ છિપાવી રહ્યા છે.

**આપના લકબો :** ફાઝિલ - તાહિર - કાઈમ- સાબિહ- મસ્દક - મુહક્કક- કાશિફુલહકાઈક - પરંતુ આપના લકબોમાં સૌથી વધારે પ્રખ્યાત લકબ ''સાદિક'' છે.

**વિલાદતની તારીખ :** ૧૭ રબીઉલ અવ્વલ અને ૮૩ હિજરી - જુમ્આ (શુક્રવાર) પરોઢિયાના સમયે.




**આપના મહાન પિતા :**
ઈમામ મુહમ્મદ બાકિર અ.સ.

**આપના આદરણીય માતા :**
ઉમ્મે ફરવાહ

**: શહાદત :**

૧૩ શવ્વાલ સન ૧૪૮ હિજરી
દફન સ્થળ : જન્નતુલ બકીઅ


E-mail : hadimasik@yahoo.com




## આપની વિશિષ્ટતાઓ

(૧) ૪ હજાર જુદી જુદી માન્યતા ધરાવતાં લોકોએ આપની પાસેથી જુદી જુદી વિદ્યાઓ શીખી છે.

(૨) આપનો મદરસો (પાઠશાળા) મુસ્લિમ સમુદાય માટે જ્ઞાન અને વિદ્યાનો સ્ત્રોત અને ઉદ્ભવ સ્થાન છે કે જેણે ઈસ્લામી જગતની આધ્યાત્મિક તરસ છીપાવી છે અને જ્ઞાનપિપાસુઓ માટે જ્ઞાન અને વિદ્યાનો ખજાનો ખુલ્લો મૂકી દીધો છે.

(૩) આપનાં થકી એટલી બધી વિદ્યાઓ, જ્ઞાન અને નિપુણતા જાહેર થઈ છે કે જાણે ચૌદ માઅસૂમીન અ.સ.નો સંપૂર્ણ અરીસો હોય અને મઝહબ પણ આપની મહાન ઝાત સાથે સંકળાઈ ગયો અને ''ફિકહે જાઅફરી'' નામ પડી ગયું.

(૪) રસૂલે અકરમ સ.અ.વ. ની જેમ આપની સત્ય પ્રિયતા - સત્યતા પણ એટલી જ પ્રખ્યાત છે અને કોઈપણ વ્યક્તિની એટલી હિમ્મત થઈ નથી કે આપની સત્યતા તરફ આંગળી ચીંધી શકે.



# બાળકોની સવારી

એક દિવસ પયગમ્બરે અકરમ સ.અ.વ. નમાઝ માટે મસ્જિદ તરફ જવા નીકળ્યાં – માર્ગમાં તેમને અન્સારના બાળકો મળી ગયાં જેઓ રમતા હતા. બાળકોએ નબીએ અકરમ સ.અ.વ. ને જોયા કે તરત જ દોડીને તેમને ઘેરી લીધા અને આપના વસ્ત્રો પકડી લીધા. આપ સ.અ.વ. હસનૈન અ.સ. માટે ઉંટ બનીને તેમને પોતાના ખભા ઉપર બેસાડી લેતા હતા તેથી આ બાળકો પણ જીદ કરવા લાગ્યા કે "હે અલ્લાહના નબી સ.અ.વ. અમારા માટે પણ આપ ઉંટ બની જાવ, અમે પણ આપ સ.અ.વ.ના ખભા ઉપર બેસી જઈશું." હવે આપ સ.અ.વ. બાળકોનું દિલ તોડવા માંગતા નહોતાં અને બીજી બાજુ મસ્જિદમાં પણ તેમની રાહ જોવામાં આવતી હતી તેથી આપ સ.અ.વ.





જલ્દીથી મસ્જિદમાં પહોંચી જવા માંગતા હતા પરંતુ બાળકો સાથે રહેવામાં અને તેમની સાથે પ્રેમપૂર્વક વર્તાવ કરવામાં મોડું થઈ ગયું તેથી જનાબ બિલાલ મસ્જિદમાંથી આવ્યા અને પયગમ્બરે અકરમ સ.અ.વ. ને બાળકો સાથે જોયા અને બાળકોની હઠ પણ તેમણે નિહાળી. તેથી તેઓ બાળકોને સમજાવી કરીને નબીયે કરીમ સ.અ.વ. થી જુદા કરી દેવા માટે આગળ વધ્યાં ત્યારે આપ સ.અ.વ. એ ફરમાવ્યું "હે બિલાલ, આ બાળકોને નારાજ કરવા કરતા નમાઝનો સમય ખૂબ ઓછો રહી જાય તે મને પસંદ છે."

તે પછી આપે બિલાલને કહ્યું "જાવ, મારા ઘરે જઈને ખજુરો વિગેરે કાંઈ હોય તો લઈ આવો" બિલાલ જઈને ખજુરો વિગેરે લઈ આવ્યા તો આપે હસતાં-હસતાં બાળકોને પુછ્યું "શું તમે તમારી સવારીને આ ઈનામોના બદલામાં વેચી દેશો ?" બાળકોએ ખુશ થઈને વસ્તુઓ લઈ લીધી અને પયગમ્બર સ.અ.વ. પાસેથી હટી ગયા અને પયમ્ગબર સ.અ.વ. મસ્જિદ તરફ ચાલ્યાં ગયાં.




# પ્રશ્ન અને જવાબ

**પ્રશ્ન : કુરઆને કેટલાક લોકોને પ્રાણીઓ કરતાં પણ ભૂંડા (ખરાબ) કહ્યા છે, શું આ બાબત માનવજાતિનું અપમાન નથી ?**

**જવાબ :** કુરઆને એવું કહ્યું છે કે "જે લોકો અંતઃકરણ ધરાવતા હોવા છતાં (તે વડે-સારૂં નરસું) સમજતા નથી અને ચક્ષુઓ હોવા છતાંયે (સત્ય) જોઈ શકતા નથી અને કાન હોવા છતાં પણ (સત્ય) સાંભળી શકતા નથી (તેથી) આ (આવા) લોકો પશુઓ સમાન છે. બલકે તે કરતાંય વધુ બદતર અને ગુમરાહ છે. (સૂરએ અઅરાફ-આયત-૧૭૯)"

આ અને આ પ્રકારની અન્ય આયતો પછી કેટલાંક પ્રાણીઓથી થતાં લાભો અને કેટલાંક મનુષ્યોથી થતાં નુકશાન જોતા આ વાત તદ્દન સત્ય અને બુધ્ધિગમ્ય જણાય છે, એટલા માટે પણ કે ઘણાં પ્રાણીઓ એવા છે કે જે માનવજાતિને ઘણાં ઉપયોગી છે. દા.ત.

- ★ **માનવીનું સૌથી કિંમતી અને સુંદર રેશમનું વસ્ત્ર એક પ્રાણી (કીડાની રાળ)થી જ બને છે.**
- ★ **માનવીનો મહત્વનો ખોરાક દુધ-મધ-માંસ વિગેરે પ્રાણીઓથી જ પ્રાપ્ત થાય છે.**
- ★ **પ્રાણીઓ પાસેથી માનવજાતિ માલસામાનના પરિવહન અને ખેતીના કામ પણ લે છે.**


E-mail : hadimasik@yahoo.com

- ★ પ્રાણીઓ પાસેથી પણ મનુષ્ય ઘણું શીખી શકે છે. દા.ત. એક કાગડા એજ માનવજાતિને મડદાને દફન કરવાની રીત શીખવી હતી.
- ★ કેટલાક પ્રાણીઓ નબીઓ માટે પરિસ્થિતિ જણાવવાનું કામ કરતા હતા. દા. ત. હુદહુદ નામનું પક્ષી જ જનાબ સુલેમાન અ.સ. માટે સબા નામના પ્રદેશની વિગતો લઈને આવ્યું હતું.
- ★ કેટલાક પ્રાણીઓએ નબીઓનું રક્ષણ પણ કર્યું છે. દા.ત. એક કરોળિયા એ જ પોતાના જાળા વડે પયગમ્બરે અકરમ સ.અ.વ.નું મુશરિકોથી રક્ષણ કર્યું હતું.
- ★ પ્રાણીઓને જો પ્રશિક્ષણ આપવામાં આવે તો મનુષ્ય માટે ઘણાં કામ કરી શકે છે. દા.ત. શિકારી કુતરાને પ્રશિક્ષણ આપવામાં આવે છે તો તે મનુષ્ય માટે હલાલ શિકાર કરીને લાવી શકે છે.
- ★ એટલે સુધી કે નુકશાન પહોંચાડનાર પ્રાણીઓ દા.ત. સર્પ વિગેરે પણ ફક્ત તેઓને જ ડસે છે જે તેમની પાસે જાય છે અથવા તેને નુકશાન પહોંચાડવાનો ઈરાદો ધરાવતો હોય છે.

આ બધી જાણકારી પછી એ કહેવું તદ્દન ખરૂં અને યોગ્ય જણાય છે કે એ લોકો જેઓ અન્ય લોકોને નુકશાન પહોંચાડે છે - માનવ જાતિ માટે મુશ્કેલીઓ સર્જે છે, માનવીઓ માટે ઉપયોગી હોય તેવા સ્થળોને બોંબમારા વડે તબાહ કરી નાંખે છે તેવા લોકો તો ખરેખર પ્રાણીઓ કરતાં પણ વધારે ખરાબ છે.

જેઓ રાત-દિવસ બીજાઓ સાથે દગો-પ્રપંચો કરવામાં રચ્યા પચ્યાં રહે છે અને પોતાના ગંદા અપવિત્ર અને દગો કરવાના ધ્યેયની પ્રાપ્તિને કાજે માનવજાતિને તબાહ અને બરબાદ કરી નાંખે છે તે લોકો બેશક પ્રાણીઓ કરતાં પણ ખરાબ અને ભૂંડા છે.

જે લોકોનાં વસ્ત્રો અસંખ્ય ગુનાહો-ભૂંડા કાર્યોના ડાઘોથી ખરડાએલા હોય અને જેમને પોતાના આવા ભૂંડા કાર્યોનો લેશમાત્ર અફસોસ પણ ન હોય તેવા લોકોને પ્રાણીઓ કરતાં પણ ભૂંડા ન કહીએ તો શું કહીશું ???

# હઝરત અલી અ.સ.ની ન્યાય તોળવાની કાબેલીયત

(ગયા અંકથી ચાલુ)

તે સમયે આપ (હઝરત અલી) અ.સ. કુફામાં પોતાના સાથીઓ સાથે બેઠેલા હતા ત્યારે આપને ગેબી અવાજ સંભળાયો કે ''આપ જલ્દીથી મદીના પહોંચો'' આપ મદીના જવા તૈયાર થઈ ગયા. જનાબ કંબરે સાથે આવવા વિનંતી કરી તો તેમને પણ સાથે લીધા અને આસિફ-ઈબ્ને-બરખ્યા સબાના પ્રદેશમાંથી બિલ્કીસના સિંહાસનને હઝરત સુલૈમાન અ.સ.ના દરબારમાં લઈ આવ્યા હતા તેનાથી પણ ખૂબ ઓછા સમયમાં (એટલે કે આંખના પલકારાથી પણ ખુબ જ ઓછા સમયમાં) આપ જનાબ કંબરની સાથે મદીના પહોંચી ગયા. ઈબ્ને અબ્બાસ અને તે છોકરીનો પિતા આપની સેવામાં હાજર થયા. અને ખૂબ જ દુઃખ સાથે કહ્યું કે 'હે મૌલા ! આ છોકરીએ તો મને બદનામ કરી મુક્યો છે' આપે તેને છાતી સરસો ચાંપી લઈને સાંત્વના આપી અને કહ્યું કે તારે દુઃખી થવાની જરૂર નથી. આ છોકરીના ઉદરમાં ૭૨ મિસ્કાલના વજનનો (આશરે ૭ ટ ૩.૫ = ૨૫૨ ગ્રામ) એક કીડો ચાલ્યો ગયો છે અને કીડો આ છોકરીના ઉદરમાંથી લોહી તથા પોષણ મેળવે છે. પછી આપ અ.સ. એ એજ આજ્ઞા આપી જે અગાઉના પ્રસંગમાં વર્ણવી છે. પરંતુ આપે મોટા પાત્રમાં બરફનું પાણી નાંખવાની આજ્ઞા ફરમાવી. લોકોએ અરજ ગુજારી ''મૌલા ! અમારી પાસે તો બરફ નથી અને વરસાદ કે શિયાળો પણ નથી કે આકાશમાંથી ઓળા વરસે.''

તે પછી આપે પોતાની વીંટીને આકાશની દિશામાં ઉંચી કરી. અલ્લાહના હુકમથી તરત જ બે વાદળ ત્યાં આવી ગયા. ઓળાનો વરસાદ થયો અને તે પાત્ર બરફના પાણીથી ભરાઈ ગયો,. પછી એક વાદળ આવ્યો અને તેમાંથી બરફનો મોટો ટુકડો તે પાત્રમાં પડ્યો પછી દાયણને બોલાવી ને એજ પધ્ધતિ અપનાવવાની સૂચના આપી જે અગાઉના પ્રસંગમાં વર્ણવી છે. પરિણામે તે છોકરીના ઉદરમાંથી એક કીડો નીકળી આવ્યો અને જ્યારે તે કીડાનું વજન કરવામાં આવ્યું તો તે બરાબર ૭૨ મિસ્કાલ વજનનો હતો.

(કૌકબે-દુર્રી-પા. ૪૧૮= કૌહાનુલ કુદુસનો સંદર્ભ ટાંકીને)

આ પ્રસંગ ઉપરથી એ હકીકત તદ્દન સ્પષ્ટ રીતે ફલિત થાય છે કે ઈલાહી જ્ઞાન અને રસૂલે અકરમ સ.અ.વ.ના જ્ઞાનના વારસદાર હઝરત અલી અ.સ. અને માઅસૂમીન અ.સ. છે. અન્ય કોઈની સમક્ષ આ પ્રસંગે ન્યાય તોળવાનું આવ્યું હોત તો આ છોકરીને શરીઅતની જોગવાઈ પ્રમાણેની શિક્ષા જ ફરમાવવામાં આવી હોત અને તે છોકરી પોતે કોઈ અપરાધ - ગુન્હા - કર્યો નથી તે સાબિત પણ ન કરી શકી હોત. તેની પાસે પોતે અપરાધી નથી તેની કોઈ સાબિતી નહોતી અને લોકો પોતાની અજ્ઞાનતાને -કારણે તેના પેટના વધી જવાના રહસ્યને જાણી શક્યા જ ન હોત અને તે છોકરીને ગુનેગાર જ ગણવામાં આવી હોત.

બીજુ એ કે અર્વાચીન જગતમાં માનવ શરીરની અંદરની સ્થિતિ જાણી શકાય તે માટેના વૈજ્ઞાનિક સાધનો બનાવવામાં આવ્યા છે.



હઝરત અલી અ.સ. એ આજથી લગભગ ૧૪૦૦ વરસ પહેલા કે જ્યારે આવા સાધનો અંગે કોઈ કલ્પના કરી શકે તેમ પણ નહોતું તે યુગમાં તદ્દન નૈસર્ગિક રીતે આ સમસ્યાનો ઉકેલ લાવી આપ્યો અને એ સાબિત કરી આપ્યું કે ન્યાયાધિશે ફક્ત જાહેરમાં જે દેખાય છે તેને આધારે નહીં પણ પોતાના જ્ઞાનથી કોઈ પણ સમસ્યાના ઊંડાણ સુધી પહોંચીને, કાંઈપણ બન્યુ હોય તેના દેખીતા - જાહેર એક કારણ સિવાય અન્ય ક્યા-ક્યા કારણો હોઈ શકે તે રીતે દરેક પાસાનો વિચાર કરીને જરૂરી હોય તે સંજોગોમાં જુદા-જુદા પ્રયોગો પણ કરીને સમસ્યાનો સાચો ફેસલો આપવો જોઈએ.

અને એ પણ અશક્ય નથી કે અર્વાચીન યુગમાં જે સાધનોનો આવિષ્કાર થયો છે તેના આવિષ્કારનો મૂળ વિચાર હઝરત અલી અ.સ. ના આવા ચુકાદાઓમાંથી ઉદ્દ્ભવ્યો હોય.





# જુઓ અને સમજો



વ્યસનનું પરિણામ



૨૦૧૩ના બેસ્ટ ફૂટબોલ પ્લેયર



ખુદાની કુદરત



ખોટુ ના સાંભળો   ખોટુ ના જુઓ   ખોટુ ના બોલો



# ભાળકોની ડાયરી

વહાલા બાળકો, આ પાનું તમારૂં રહેશે. તમે કોઈ ધાર્મિક વાર્તા, કાવ્ય પંક્તિ, ચિત્ર કે ટુચકો વિગેરે મોકલશો. જેથી તમારૂં પોતાનું આ પાનું ભર્યું ભર્યું રહે !

**સાથે આપનું નામ, સરનામું, ઉંમર લખવાનું ભૂલતા નહીં !**




**ભાયાણી મહેદીરઝા આશીકઅલી**
હવેલી ચોક, જમાતખાના સામે, રાજુલા.



**બદામી શાબીર એમ.**
ખોજા ખાના સામે, પ્રિન્સ પેલેસ, રાજુલા.



**જાફરી ફઝલ અબ્બાસ**



**મિઠવાણી સજ્જાદ રઝા હબીબઅલી**
સુલેમાન ખાકુ પાર્ક, રાજુલા.



E-mail : hadimasik@yahoo.com



**મહેદીહસન ઠક્કર**
રાજુલા.



**મિઠવાણી મહેદી રઝા હબીબઅલી**
જીવાબાવાનો ચોક, સુલેમાન ખાકુ પાર્ક સોસાયટી, રાજુલા.



**અમીરી સકિના શબ્બીરઅલી**
નિચલી બજાર, પ્રિન્સ પેલેસ, રાજુલા.



**રવજાણી ફઝલ મુનીર અબ્બાસ**
રાજુલા સીટી.



**રૂપાણી અનીઅલી સીરાજઅલી**
રાજુલા સીટી.




# ગુપ્ત સહાયતા

મોઅલ્લા–બિન–ખનીસ નામની વ્યક્તિએ આ રિવાયત બયાન કરી છે કે એક રાત્રીએ જયારે ખૂબ હળવા નજીવા વરસાદના ટીપાં ટપકતાં હતા ત્યારે મેં જોયું કે ઈમામ સાદિક અ.સ. ધીમા પગલે બની સાએદાના છાપરા તરફ જવા માટે ઘરેથી નીકળ્યા, હું પણ આપ અ.સ. ની પાછળ પાછળ જવા લાગ્યો. એકાએક આપના હાથમાંથી કોઈ વસ્તુ ભોંય ઉપર પડી ગઈ, આપે બિસ્મિલ્લાહ કહીને કહ્યું "યા અલ્લાહ ! આ (વસ્તુ) મને પાછી આપજે." મેં આગળ આવીને આપને સલામ કરી. ઈમામ અ.સ.એ પુછયું "મોઅલ્લા" મેં કહ્યું – "હા–મૌલા હું આપની ઉપર ન્યોછાવર થાઉં" ઈમામ અ.સ.એ ફરમાવ્યું "પોતાના હાથ ફંફોસીને ભોંય પર જુઓ અને જો વસ્તુ મળે તો મને આપો" મોઅલ્લા વર્ણવે છે કે તે પછી મેં રાત્રીના અંધકારમાં હાથ વડે ફંફોસવાનું શરૂ કર્યું તો મારા હાથમાં રોટલાના ટુકડા આવી ગયા. મેં ફંફોસીને ભોંય ઉપર વિખેરાઈ પડેલા રોટલાના ટુકડાઓ એકત્ર કર્યા અને



E-mail : hadimasik@yahoo.com

ઈમામ અ.સ.ને આપી દીધા – ત્યારે મેં ઈમામ અ.સ.ના હાથમાં રોટલા ભરેલો એક થેલો જોયો, મેં કહ્યું "મૌલા ! આ મને આપી દો – હું ઉપાડી લઈશ" આપ અ.સ. એ ફરમાવ્યું "ના ! આ વજનને ઉપાડવા માટે હું વધારે લાયક વ્યક્તિ છું. પરંતુ હા, તમો મારી સાથે આવી શકો છો." છેવટે અમે જ્યારે બની સાએદાના છાપરા પાસે પહોંચ્યા ત્યારે મેં જોયું કે ત્યાં એક ટોળામાં લોકો ઉંઘી રહ્યા હતા. ઈમામ અ.સ. એ દરેક વ્યક્તિની પથારીની નીચે એક અથવા બે રોટલા મુકી દીધા, જ્યારે છેલ્લી વ્યક્તિ પાસે રોટલા મૂકીને પાછા ફર્યા તો મેં આપ અ.સ. ને અરજ ગુજારી "મૌલા ! હું આપના ઉપર કુરબાન જાઉં!! શું આ બધા લોકો સત્ય (હક)ને ઓળખે છે?"

ઈમામ અ.સ. એ ફરમાવ્યું "જો તેઓ સત્ય (હક)ને ઓળખતાં હોત તો, મેં રોટલાની સાથે મીઠું આપીને તેમની સહાયતા કરી હોત."

(અલકાફી–૪/૭ પ્રકરણ–સદકા–હદીસ–૩)

**શું આપે પણ કદી આવા લોકોની આવી રીતે સંભાળ લીધી છે ?**



# પત્રાવલી

**વહાલા બાળકો, આ પાનું તમારૂં રહેશે. તમે કોઈ ધાર્મિક વાર્તા, કાવ્ય પંક્તિ, ચિત્ર કે ટુચકો વિગેરે મોકલશો. જેથી તમારૂં પોતાનું આ પાનું ભર્યું ભર્યું રહે !**

**સાથે આપનું નામ, સરનામું, ઉંમર લખવાનું ભૂલતા નહીં !**



**બદામી શબ્બીરઅલી મહેબુબઅલી**
ખોજાખાના સામે, પ્રિન્સ પેલેસ, રાજુલા.



**મિઠવાણી સજ્જાદ રઝા હબીબઅલી**
સુલેમાન ખાકુ પાર્ક સોસાયટી, રાજુલા.



**મિઠવાણી સજ્જાદ રઝા હબીબઅલી**
સુલેમાન ખાકુ પાર્ક સોસાયટી, રાજુલા.



**મિઠવાણી સજ્જાદ રઝા હબીબઅલી**
જૂનો કડિયાળી રોડ, સુલેમાન ખાકુ પાર્ક સોસાયટી, રાજુલા.



E-mail : hadimasik@yahoo.com




**મિઠવાણી સજ્જાદ રઝા હબીબઅલી**
જૂનો કડિયાળી રોડ, સુલેમાન ખાકુ પાર્ક સોસાયટી, રાજુલા.




**બદામી શબ્બીરઅલી મહેબુબઅલી**
ખોજાખાના સામે, પ્રિન્સ પેલેસ, રાજુલા.




**મિઠવાણી સજ્જાદ રઝા હબીબઅલી**
જૂનો કડિયાળી રોડ, સુલેમાન ખાકુ પાર્ક સોસાયટી, રાજુલા.




**મિઠવાણી હસનૈન હબીબઅલી**
જૂનો કડિયાળી રોડ, સુલેમાન ખાકુ પાર્ક સોસાયટી, રાજુલા.




E-mail : hadimasik@yahoo.com



# ખુદાની ઈચ્છાને આધીન છીએ

કતીબએ આઅશીએ વર્ણન કર્યુ છે કે એક વખત હું ઈમામ સાદિક અ.સ.ના ફરઝન્દની તબીયત જોવા (પૂછવા) ગયો હતો. મેં જોયું કે આપ સ.અ.વ. ઘરના બારણે પરેશાનીની હાલતમાં ઉભેલા છે. મેં કહ્યું ‟મૌલા! હું આપ ઉપર ન્યોછાવર થાઉં ! બાળકની તબીયત કેવી છે. ઈમામ અ.સ. એ ફરમાવ્યું ‟ખુદાના સમ ! તેની સ્થિતિ ઘણી જ ખરાબ છે.”

થોડીવાર પછી ઈમામ અ.સ. ઓરડામાં ગયા અને થોડીવાર પછી પાછા બહાર આવ્યા. પરંતુ આ વખતે આપનો ચહેરો ખુશખુશાલ હતો અને અગાઉના દુઃખના કોઈ ચિન્હો મોઢા ઉપર દેખાતા નહોતા તેથી અમે વિચાર્યુ હવે બાળક સાજો થઈ ગયો હશે. મેં પુછયું ‟મૌલા હું આપ પર ન્યોછાવર જાઉં હવે બાળકને કેમ છે ?” આપ અ.સ.એ ફરમાવ્યું ‟હવે તે બાળક આ દુન્યામાં રહ્યો નથી”





E-mail : hadimasik@yahoo.com

મેં અરજ ગુજારી “મૌલા ! હું આપની ઉપર ફિદા થાઉં. જ્યારે બાળક બીમાર હતો ત્યારે તો આપ દુઃખી-દુઃખી હતા અને હવે હું આપને કઈ હાલતમાં જોઈ રહ્યો છું” આપ અ.સ. એ ફરમાવ્યું “અમો અહલેબૈત અ.સ. મુસીબતથી પહેલા દુઃખી, દુઃખી રહીએ છીએ પરંતુ જ્યારે ખુદાની ઈચ્છા અમને આવી પહોંચે છે ત્યારે અમો તેની ઈચ્છાને આધીન રહીએ છીએ. અને તેની ઈચ્છા (આજ્ઞા)ની સામે નતમસ્તક થઈ જઈએ છીએ.”

(કાફી-૩-૨૨૫-હદીસ-૧૧)

શું તમે પણ ક્યારેય ખુદાની ઈચ્છાની સામે આવી રીતે નતમસ્તક થયા છો ??




## "હાદી" માસિકના મેમ્બર બનવા માટે સંપર્ક કરો :

| | | |
|---|---|---|
| અમદાવાદ | : | (૧) શબ્બીરભાઈ નુરાની ફોન : ૯૩૭૬૧ ૬૮૩૦૬ |
| | | (૨) મૌલાના ઝફરુલ હસન ફોન : ૯૩૨૭૫ ૩૬૬૩૮ |
| | | (૩) ઝાકીરભાઈ મોમીન ફોન : ૯૩૨૭૦ ૪૧૩૧૪ |
| ભાવનગર | : | મુસ્તાકભાઈ વિરાણી ફોન : ૯૮૨૪૫ ૩૮૧૧૪ |
| મહુવા | : | મેંહદીરઝા એમ. ભંભેરા ફોન : ૯૯૨૪૩ ૨૭૨૨૭ |
| કાણોદર | : | નૌશાદભાઈ,જાફરી ચેનલ ફોન : ૯૯૯૮૭ ૭૩૬૧૧ |
| મેતા | : | મોહસીનભાઈ કડીવાલ ફોન : ૯૮૯૮૩ ૬૯૦૮૯ |
| ભરૂચ | : | મુશ્તાકઅલી પાનવાલા ફોન : ૯૮૨૪૨ ૪૩૦૫૧ |
| સેલવાસા | : | ગુલામ અબ્બાસભાઈ દેવજાણી ફોનઃ ૯૮૨૫૯ ૯૯૯૭૮ |
| ધોળકા | : | કમરઅલીભાઈ મોમીન |
| ડેડીયાપાડા | : | રિઝવાનહુસૈન અમીરઅલી રાજાણી ફોન : ૯૪૨૭૧ ૭૫૨૩૧ |
| રાજૂલા | : | મૌલાના હસન મહદી ફોન : ૯૯૦૪૧૪૬૧૧૦ |
| સિહોર | : | હસનઅલી વજીરઅલી વસાયા ફોન : ૯૮૭૯૯૬૯૮૬૮ |
| અંજાર | : | રફીકભાઈ ખોજા ફોન : ૯૯૨૫૩ ૧૮૬૨૧ |
| કચ્છ | : | મુશ્તાક હસૈન અબ્દુલ હુસૈન માસ્ટર ફોન : |
| રૂસ્તમપુરા | : | સૈયદ આશીક હુસૈન ફોન : ૯૮૨૪૧ ૧૯૩૭૨ |
| મુંબઈ | : | અલઈમાન બુક સેન્ટર (પાલાગલી) ફોન : ૯૮૧૯૦૧૦૨૨૮ |

ટુરીંગ એજન્ટ : શબ્બીરઅલી હસનઅલી પ્રમાણી ફોન : ૯૪૨૬૪ ૬૧૪૯૨

**નોંધ :** સભ્ય તથા એજન્ટ મિત્રોને નમ્ર અરજ છે કે નવા વર્ષનું લવાજમ મોકલી આપવા વિનંતી.


E-mail : hadimasik@yahoo.com




# HADI MASIK


: Publishers :

**Hauza-e-Ilmiyah Imam Khomaini (R.A.)**

Goldenpark, Vatva, Ahmedabad. (Guj.) INDIA - 382440.
Ph. : 079 - 25892786, +91-94266 78614, +91-94266 78612

**E-mail : hadimasik@yahoo.com**

**Website : www.hadikids.org**





*Printed by : PRINTWELL PRINTERS, Ahmedabad. (M) 9898001474*